# "પ્રધાનમંત્રી ધ્વારા મનકી બાતમાં ઓરગન ટ્રાન્સપ્લાન્ટ માટે ડોમીસાઈલ સર્ટીફીકેટની જરૂર નથી તેવી જાહેરાત"

તા.૨૬/૦૩/૨૦૨૩ ની મનકી બાતમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ ઓરગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું હતું અને લોકોને ઓરગન ડોનેશન કરવા અરજ ક રી હતી. પ્રધાનમંત્રીએ બે એવા કુટુંબના સભ્યો સાથે વાત કરી હતી જેમણે ઓરગન ડોનેશન તેમના સગાના મૃત્યુ બાદ કર્યું હોય.

આમાનું એક કુટુંબ એવું હતું કે જેમણે તેમી માત્ર ૩૯ દિવસની દીકરીનું અંગદાન કરવાની મંજુરી આપી હતી અને આ દીકરી અંગદાન કરનાર ભારતની સૌથી નાની વ્યકિત બની છે.

બીજું કુટુંબ એવું હતું જેમાં પુત્રએ તેમના ૬૩ વર્ષના માતાના મૃત્યુ બાદ માતાના અંગનું દાન કર્યું હતું. પ્રધાનમંત્રીએ બંને કુટુંબનો તેમની વાતચીત દરમ્યાન આભાર માન્યો હતો અને કહયું કે આ બંને કુટુંબે અનેકને પ્રેરણા આપી છે.

ત્યારબાદ પ્રધાનમંત્રીએ એવી જાહેરાત કરી હતી કે ભારતમાં હવે કીડનીના કેડાવર ટ્રાન્સપ્લાન્ટ રજીસ્ટ્રેશન માટે જે તે રાજયના SOTTO માં નોંધણી કરવા માટે "ડોમીસાઈલ સર્ટીફીકેટ" ની જરૂર નથી. ભારતનો કોઈપણ નાગરીક કોઈપણ રાજયમાં કીડનીના કેડાવર ટ્રાન્સપ્લાન્ટ માટે નોંધણી કરાવી શકશે.

આ જાહેરાત માટે અમદાવાદના એક રહીશ બેન શ્રીમતી હેમાલીબેન અજમેરા અને તેમના કુટુંબના કાનુની લડતના આધારે શકય બનેલ છે. હેમાલીબેન મુંબઈમાં જનમ્યા છે અને લગ્ન કરી અમદાવાદ સ્થાયી થયા હતા અને ત્યારબાદ કેનેડાનું નાગરીકત્વ મેળવી અને કેનેડામાં સ્થાયી થયા હતા. હાલમાં ૨૦૦૯ થી પાછા અમદાવાદમાં તેમના પતિ અને સાસુની સાથે રહે છે.

**તેમની કીડનીમાં પ્રોબ્લેમના કારણે તેમને ગુજરાત રાજયના SOTTO માં કીડની ટ્રાન્સપ્લાન્ટ માટે નોંધણી કરાવવા માટે ડોમીસાઈલ સર્ટીફીકેટની જરૂર હતી. ગુજરાત સરકારના અમદાવાદ પોલીસ ડીપાર્ટમેન્ટ ધ્વારા હેમાલીબેનને ડોમીસાઈલ સર્ટીફીકેટ તેઓ કેનેડામાં નાગરીક હોવાથી મળી શકે નહી તેમ જણાવવામાં આવેલ હતું.**

**અમદાવાદ પોલીસના આ હુકમની વિરૂધ્ધમાં તેઓએ ગુજરાત હાઈકોર્ટમાં રીટ પીટીશન કરી હતી. તેઓ હાઈકોર્ટમાં રીટ અરજી કરી ત્યારે તેમના વકીલ ધ્વારા જાણવા મળ્યું હતું કે તેમના જેવા બીજા બે વ્યકિત છે જેમને ગુજરાત સરકારના પોલીસ ડીપાર્ટમેન્ટે ડોમીસાઈલ સર્ટીફીકેટ આપવાની ના પાડેલ છે.**

**માનનીય ગુજરાત હાઈકોર્ટ ૨૧ નવેમ્બર, ૨૦૨૨ તેમના ૧૧૯ પાનાના વિસ્તારપુર્ણ ચુકાદામાં એવો નિર્ણય આપેલ કે ગુજરાત સરકારની પોલીસી જેમાં કેડાવર ટ્રાન્સપ્લાન્ટની નોંધણી માટે ડોમીસાઈલ સર્ટીફીકેટ મેળવવાની જોગવાઈ ગેરકાનુની અને ગેરબંધારણીય છે.**

**ગુજરાત હાઈકોર્ટના આ ચુકાદાના કારણે હેમાલીબેનને લાગ્યુ કે ભારતમાં આવા અનેક નાગરીકો હશે જેમને આ પ્રમાણે કેડાવર ટ્રાન્સપ્લાન્ટ માટે ડોમીસાઈલ સર્ટીફીકેટની માંગણીના કારણે તકલીફ પડતી હતી.**

**આ ચુકાદાના સમાચારના આધારે GOLA નામના NGO ધ્વારા ભારતની સુપ્રિમ કોર્ટમાં એક જાહેર હીતની અરજી** (PIL) **કરવામાં આવી હતી તે** PIL **ની પ્રથમ સુનાવણી તા.૦૫/૧૨/૨૦૨૨ ના મુખ્ય ન્યાયધિશે એવો ભારત સરકારને આદેશ કર્યો હતો કે ઓરગન ટ્રાન્સપ્લાન્ટ અંગેના કાયદામાં ભારતભરમાં સમાનતા લાવવામાં આવે.**

નામદાર સુપ્રિમ કોર્ટના આદેશના કારણે તા.૧૦/૦૨/૨૦૨૩ ના કેન્દ્ર સરકાર ધ્વારા એવી જાહેરાત કરવામાં આવી હતી કે ભારત સરકાર ઓરગન ટ્રાન્સપ્લાન્ટના કાયદામાં ભારતભરમાં સમાનતા લાવવા કટીબધ્ધ છે અને હવે ભારતમાં રહેતા કોઈપણ નાગરીકને ઓરગન ટ્રાન્સપ્લાન્ટના કીડની માટેના કેડાવર રજીસ્ટ્રેશન માટે ડોમીસાઈલ સર્ટીફીકેટની જરૂર નથી.

આ ઉપરાંત પણ બીજા સુધારા અને સમાનતા લાવવાની જાહેરાત ભારત સરકાર ધ્વારા કરવામાં આવે છે ઉપરોકત જાહેરાતના આધારથી પ્રેરાઈને પ્રધાનમંત્રીએ તેમની મનકી બાતમાં ઓરગન ડોનેશનની વાત તેમની તા.૨૬/૦૩/૨૦૨૩ ની મનકી બાતમાં કરી છે.

ઉપરોકત બાબતથી પ્રેરાઈને હેમાલીબેન અને તેમના પતિશ્રી પ્રશાંત અજમેરા ધ્વારા એક વેબસાઈટ શરૂ કરવામાં આવેલ છે. ONEINDIAONELAW.org

આ વેબ સાઈટમાં ઓરગન ટ્રાન્સપ્લાન્ટને લગતા કાયદા અંગેની માહીતી આપવામાં આવેલ છે અને બીજા કયા કાયદાકીય સુધારાની જરૂર છે તે અંગે પણ માંગ કરવામાં આવેલ છે.

આ વાત જાણીને ખુબ આનંદ અને ગર્વ અનુભવાય છે કે માત્ર એક વ્યકિતના પ્રયત્ન અને નિર્ધારના કારણે સમગ્ર દેશમાં એક બાબત અંગે બદલાવ આવ્યો છે અને આવી શકે છે.